તારીખઃ– ૫–૧૨–૨૦૧૪
નોંધ્યા તારીખઃ– ૫–૧૨–૨૦૧૪
ફેંસલ તારીખઃ– –૧૧–૨૦૨૨
અવધી– વર્ષ – માસ – દિવસ

**આણંદના મે. પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.આણંદ.**

**સેશન્સ કેસ નંબરઃ *148 /2014***

**આંક –**

**ફરીયાદી** – સરકારશ્રી,

–// વિરૂધ્ધ //–

**આરોપીઓ–**

૧. ઈમ્તીયાઝ ઉર્ફે ટીકો બચુભાઈ રાઠોડ
૨. ઈઝમુદ્રીન પ્રવીણસિહ રાઠેડ
૩. સાકીર ઉર્ફે ઝાકીર ઈબ્રાહીમભાઈ રાઠોડ
૪. મુનાવરઉર્ફેમુન્નાભાઈ ( મરણજવાથી એબેટ કરેલ છે.)
૫. રસીદખાન જશુભા રાઠોડ
૬. રણજીતસિહ ગગુભા રાઠોડ
૭ જીતસિહ ફતેસિહ રાઠોડ
૮. ઈસ્માઈલ ઉર્ફે રાજુ ઈબ્રાહીમ રાઠોડ
૯. મહંમદખાન કે. રાઠોડ
૧૦ મજીદખાન ઉદેસિહ રાઠોડ
૧૧ દીલીપભાઈ ઉર્ફે દીલુભા જે.રાઠોડ
૧૨. રાજુભાઈ નુરમહંમદ રાઠોડ ( મરણજવાથી એબેટ કરેલ છે.)

આરોપી નં–૧ થી ૧૧ તમામ ઉમર વર્ષ–પુખ્ત તથા
રહેવાસી– નાપા– વાંટા, તા.જિ.આણંદ

---

ફરીયાદ પક્ષે વિ. સરકારી વકીલશ્રી. એ.એસ. જાડેજા
આરોપી પક્ષે વિ.વ.શ્રી. કે.એચ. શાહ
તહોમતઃ– ઈ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબ

---

// **જજમેન્ટ** //–

(૧) આરોપીઓ વીરુધ્ધના હાલના ગુનાની ફરીયાદ તથા કેસની હકીકત મુજબ આરોપીઓએ તા. ર૮–પ–૦૭ના ફરીયાદી સાહેદોને બોલાચાલી ઝગડો કરેલો જેના કારણે તા. ર૯–પ–ર૦૦૭ ના રોજ આરોપી મહંમદખાન કેસરિસિંહ રાણાએ નાપા વાંટા ગામે ટેલીફોન કરીને બાકીના સહ આરોપીઓને બોલાવીને કલાક ૧૦–૧પ થી ૧૦–૩૦દરમ્યાન આસોદર ચોકડી માર્કેટીગ યાર્ડ બજારમાં ઉપરોકત આરોપીને બોલાવીને પ્રથમથીજ ગુનાહિત કાવત્રુ રચી તલવાર, ખંજર ,લાકડીઓ તથા પાવડાના દસ્તા અને ડંડા જેવા મારક હથીયારો ધારણ કરીને સજ્જ થઈને ઓટોરિક્ષા તથા મો.સાયકલ ઉપર આવીને ફરીયાદી તથાસાહેદો ઉપર હુમલો કરીને પોતાના પાસે રહેલા હથિયારો થી માર મારીને ઈજાઓ કરીને તથા સાહેદ શનાભાઈ ના પગનુ હાડકુ ભાંગી ફેકચર કરીને ફરીયાદી સાહેદના ખિસ્સામાંથીરુ. ૩૦૭,૦૦૦/–ની લુટ કરીને નાસી ગયેલની ફરીયાદીની ફરીયાદના આધારે પોલીસે તપાસના અંતે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૯પ, ૩૯૭, તથા ૧ર૦(બી) મુજબના ગુનાનુ ચાર્જશીટરજુ કરેલ હોય જે અત્રેની કોર્ટમાં કમીટ થઈને આવેલુ. જેનો સેશન્સ કેસ નં. ૧૪૮ /૧૪ નો પડેલો છે. આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરીને આરોપી વિરુધ્ધના ગુનાનુ તહોમતનામુ અગાથના વિ. સેશન્સ જજ સાહેબ થી ફરમાવવામાં આવેલ છે. જે તહોમતનામાનો જવાબ લેતાં આરોપીઓએ ગુનો કરેલનો ઈન્કાર કરેલો છે. બાદ ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરુધ્ધનો કેસ આગળ ચલાવવામા આવેલો છે સોગંદ ઉપરનો મૌખીક પુરાવો નોધવામા આવેલો છે, તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખેલો છે.

( ૨) ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે.

**--- મૌખીક પુરાવો ---**

| <u>આંક</u> | હોદ્રો | સાહેદનુ નામ નાઓની મૌખીક જુબાની રજુ થયેલ છે. |
|---|---|---|
| ૩૧ | ડોકટર | ધનશ્યામભાઈ એ.ગઢવી |
| ૩૫ | પંચ | ફતાભાઈ મથુરભાઈ સોલંકી |
| ૩૭ | પંચ | ભગવાનસીહરાયસીહમહીડા |
| ૪૦ | ડોકટર | લતાબેન બી. મેવાડા |
| ૪૬ | પંચ | ભુપેન્દ્ર ભાઈ યુ. પઢીયાર |
| ૪૯ | પંચ | પીન્કેશ કુમાર વીનુભાઈ પટેલ |
| ૫૨ | પંચ | ભરતભાઈ રાવજીભાઈ પઢીયાર |
| ૫૬ | પંચ | ભરતસિહ કુલસિહ પઢીયાર |
| ૫૮ | પંચ | યુસુફભાઈ એભેસીહ રાજ |
| ૬૧ | પંચ | રમણભાઈ મથુરભાઈ ચાવડા |
| ૬૩ | પંચ | જયંતીભાઈ કે. પરમાર |
| ૬૫ | પંચ | આશાભાઈ એચ. પટેલ |
| ૬૭ | પંચ | ચંન્દ્રકાંત કિશોરભાઈ પટેલિ |
| ૬૯ | ફરીયાદી | ગોપાલભાઈ છત્રસિહ જાદવ |
| ૭૩ | સાહેદ | છનાભાઈ ચતુરભાઈજાદવ |
| ૭૭ | સાહેદ | સોમાભાઈ મોહનભાઈ સોલંકી |
| ૭૮ | સાહેદ | કાનજીભાઈ રામાભાઈ સોલંકી |
| ૮૧ | પી.એસ.ઓ. | ડાહ્યાભાઈ ખીમાભાઈ વણકર |
| ૯૧ | ત.ક.અ. | હર્ષવર્ધન એન. રાઠોડને તપાસેલા છે. |

| | | |
|---|---|---|
| ૧૧૬ | સાહેદ | મામલતદાર અશોક કુમાર એમ. પરમાર |
| ૧૨૦ | પંચ | મનુભાઈ એમ. પઢીયાર |
| ૧૨૫ | સાહેદ | મનહરભાઈ છત્રસિહ જાદવ |
| ૧૨૬ | સાહેદ | ફતાભાઈ શનાભાઈ જાદવ |
| ૧૨૭ | સાહેદ | ભરતભાઈ બુધાભાઈ પઢીયાર |
| ૧૩૩ | સાહેદ | સુરેશભાઈ ડાહ્યાભાઈપઢીયાર |
| ૧૩૫ | સાહેદ | યતીનભાઈ હસમુખભાઈ ગૌસ્વામી |
| ૧૩૬ | સાહેદ | કુબેરભાઈ બુધાભાઈ પઢીયાર |
| ૧૩૭ | સાહેદ | પ્રવીણ રામાભાઈ પઢીયાર |
| ૧૩૮ | સાહેદ | કલ્પેશ કુમાર આર. પંડયા |
| ૧૩૯ | સાહેદ | ભરતભાઈ રાવજીભાઈ પઢીયાર |
| ૧૪૦ | સાહેદ | ભાઈલાલ ભાઈ શનાભાઈ પઢીયાર |
| ૧૪૨ | | સાહેદ અમરસિહ ઉર્ફે ભાઈલાલગોહેલ |
| ૧૪૩ | સાહેદ | ભવાનસહિ ડી. પરમાર |
| ૧૪૬ | સાહેદ | પ્રતાપસિહ રામસીહ સોલંકી |
| ૧૪૫ | સાહેદ | જયંતીભાઈ એસ. પરમાર |
| ૧૫૩ | સાહેદ | પીયુષભાઈ એમ. પઢીયાર |
| ૧૫૫ | સાહેદ | પ્રવીણ ભાઈ બી. જાદવ |
| ૧૫૬ | સાહેદ | સામંતસિહ જી. પરમાર |

(૩) ---- **દસ્તાવેજી પુરાવો** ---

| આંક | વીગત |
|---|---|
| ૩૨ / ૩૩ | સારવાર સર્ટી રજુ છે. |

| | |
|---|---|
| ૩૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪૩ થી૪૫ | સારવાર સર્ટીફીકેટ |
| ૪૭/૪૮ | આરોપી શરિર સ્થિતિ પંચનામુ રજુ છે. |
| ૫૦/૫૧ | હથીયાર મુદામાલ રીકવરી /ટી.આઈ. પરેડ ના પંચનામુ |
| ૬૨ | હથીયાર રીકવરી પંચનામુરજુ છે. |
| ૬૬ | ટી.આઈ.પરેડનુ પંચનામુ |
| ૭૦ | ફરીયાદ રજુ છે. |
| ૮૨/૮૩ | ટેલીફોન વર્ધી પોલીસ યાદી |
| ૧૬૨ થી ૧૬૯સુધી | ઓળખ પરેડનીયાદીઓ, વાયરલેસ મેસેજ, ઈજાના સટ્રીનીયાદી વગેરે .. |
| ૧૧૭/૧૧૮ | ડી.ડી. અને તેનીયાદી રજુ છે. |
| ૧૨૧ | ઓળખ પરેડનુ પંચનામુ રજુ છે. |

(૪ ) ફરીયાદ પક્ષનો ઉપરોકત મૌખીક અને દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ સરકારી વકીલશ્રી તરફથી પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ થયેલ છે. બાદ આરોપીનુ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કરેલાનો ઇન્કાર કરેલ છે. તથા વધુમા જણાવેલ છેકે, ખોટી ફરીયાદ કરેલ છે . તેમજ તેઓ નિર્દોષ હોવાનુ જણાવીને ખોટોકેસ કરેલાનો બચાવ લીધેલ છેઅને છોડી મુકવા અરજ કરેલ છે.

(૫ ) ત્યાર બાદ ફરીયાદપક્ષે સરકારી વકીલ શ્રી ને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં મુખ્યત્વે જણાવેલછેકે, આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય તથા અમુક સાહેદોએ સમર્થન આપેલ નથી. પુરતો પુરાવો હોય સજા કરવા માગ ણી કરેલ છે.

( ૬ ) આરોપી તરફે વિ.વ.શ્રી શાહને સાંભળ્યા તેઓએ દલીલમા જણાવેલ છેકે, પક્ષકારોએ નામ. કોર્ટ બહાર સમાધાન કરી લીધેલ હોય, મહત્વના સહિતના સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય અને તમામ સાહેદોનો મૌખીક તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય અને તમામ સંજોગોમાં સજા થાય તેટલો પુરાવો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા દલીલમા જણાવેલ છે.

( ૭ ) આ કેસના ન્યાય- નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

--**મુદા**---

(૧) શુ ફરીયાદ પક્ષ નિશંક પુરવાર કરેછેકે, આરોપીઓએ તા. ૨૮-૫-૦૭ના ફરીયાદી સાહેદોને બોલાચાલી ઝગડો કરેલો જેના કારણે તા. ૨૯-૫-૨૦૦૭ ના રોજ આરોપી મહંમદખાન કેસરિસિહ રાણાએ નાપા વાંટા ગામે ટેલીફોન કરીને બાકીના સહ આરોપીઓને બોલાવીને કલાક ૧૦-૧૫ થી ૧૦-૩૦દરમ્યાન આસોદર ચોકડી માર્કેટીગ યાર્ડ બજારમાં ઉપરોકત આરોપીને બોલાવીને પ્રથમથીજ ગુનાહિત કાવત્રુ રચી તલવાર, ખંજર ,લાકડીઓ તથા પાવડાના દસ્તા અને ડંડા જેવા મારક હથીયારો ધારણ કરીને સજ્જ થઈને ઓટોરિક્ષા તથા મો.સાયકલ ઉપર આવીને ફરીયાદી તથાસાહેદો ઉપર હુમલો કરીને પોતાના પાસે રહેલા હથિયારો થી માર મારીને ઈજાઓ કરીને તથા સાહેદ શનાભાઈ ના પગનુ હાડકુ ભાંગી ફેકચર કરીને ફરીયાદી સાહેદના ખિસ્સામાંથીરુ. ૨૭,૦૦૦/-ની લુટ કરીને નાસી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ-૩૯૫, ૩૯૭, તથા ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શુ આખરી હુકમ ?

( ૮ ) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧ નકારમાં

૨ આખરી હુકમ મુજબ

/// કારણો-- મુદા નંબર-૧ ////

(૯) આ કામે આરોપીઓ વિરુઘ્ધના કેસની હકિકત એવી છેકે, આ કામના આરોપીઓએ તા. ૨૮-૫-૦૭ના ફરીયાદી સાહેદોને બોલાચાલી ઝગડો કરેલો જેના કારણે તા. ૨૯-૫-૨૦૦૭ ના રોજ આરોપી મહંમદખાન કેસરિસિહ રાણાએ નાપા વાંટા ગામે ટેલીફોન કરીને બાકીના સહ આરોપીઓને બોલાવીને કલાક ૧૦-૧૫ થી ૧૦-૩૦દરમ્યાન આસોદર ચોકડી માર્કેટીગ યાર્ડ બજારમાં ઉપરોકત આરોપીને બોલાવીને પ્રથમથીજ ગુનાહિત કાવત્રુ રચી તલવાર, ખંજર ,લાકડીઓ તથા પાવડાના દસ્તા અને ડંડા જેવા મારક હથીયારો ધારણ કરીને સજ્જ થઈને ઓટોરિક્ષા તથા મો.સાયકલ ઉપર આવીને ફરીયાદી તથાસાહેદો ઉપર હુમલો કરીને પોતાના પાસે રહેલા હથિયારો થી માર મારીને ઈજાઓ કરીને તથા સાહેદ શનાભાઈ ના પગનુ હાડકુ ભાંગી ફ્રેકચર કરીને ફરીયાદી સાહેદના ખિસ્સામાંથીરુ. ૩૦૭,૦૦૦/-ની લુટ કરીને નાસી ગયેલની ફરીયાદીની ફરીયાદના આધારે પોલીસે તપાસના અંતે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ-૩૯૫, ૩૯૭, તથા ૧૨૦(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપીત કેસ રહેલો છે. સદર કેસના ન્યાય નિર્ણય માટે આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સોગંદ ઉપરની જુબાનીનો પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ ધ્યાને લીધો. ફરીયાદપક્ષના તથા આરોપી તરફેના વિદ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લીધી.

( ૧૦ ) --- **ફરીયાદી અને સાહેદોનો પુરાવો** ---

આંક–૬૯ થી સાહેદ ગોપાલભાઈ છત્રસિહ જાદવને તપાસેલ છે તેઓ શાક ભાજીનો ધંધો કરે છે. તેમના કાકા શનાભાઈને માર્કેટના દુકા નં. ૫૬ છે તા. ૨૮–૫–૦૭ ના સવારે ૧૦–૩૦ના સુમારે દુકાન હતા ત્યારે ત્યા મનહરભાઈ, શનાભાઈ તેમજ ફતેસિહ પણ હતા. તે વખતે શાકીર અને મુનો આવેલા તેણે દુકાનમા નોકરી કરતા મહેતાજી ફતેસિહ સાથે બોલાચાલી ગાળાગાળી કરેલી કાલે જોઈ લઈશુ તેવી ધમકી આપી જતા રહેલા બીજા દીવસે ૧૦–૧૫ ના સુમારે તેઓ ફરીથી આવેલા તેઓએ મારી ફેટ પકડી વાળ ખેચેલા તે વખતે ટોળુ ભેગુ થઈ ગયેલુ અને છોડાવેલો. મનહરભાઈનુ મુન્નાભાઈ તથા સાકીરે જમણા ખભે પાછળ તથા કમરના ભાડે પાવડાનો દસ્તો મારેલો. મારા કાકા શનાભાઈ ને દસેક માણસો નુ ટોળુ હતુ તેમાથી કોઈએ પાવડાનો દસ્તો પગ તથા બરડા ઉપર મારેલો. અને મારા ખિસ્સામાંથી રુ. વીસ હજાર મુન્નાએ તથા સાકીરે કાઢી લીધેલ સુરેશભાઈના ખિસ્સામાંથી રુ. સાત હજાર કોઈકે કાઢી લીધેલા. આંક–૭૦ની ફરિયાદ આપેલી. વગેરે હકિકતો જણાવેલ છે. તેઓએ ઉલટ તપાસમા જણાવેલ છેકે, કયા કયા વેપારીએ બનાવ જોયેલ તે પોલીસને કહેલુ નથી. અન્ય દસ માણસોનુ વર્ણન પણ પોલીસને આપેલુ નથી. આરોપીઓને પો.સ્ટે.મા પોલીસના કહેવાથી ઓળખેલા હતા. ત્યાર બાદ ટી.આઈ. પરેડમા ઓળખેલાનુ જણાવે છે. પોલીસને કાલે જોઈ લઈશુ તેવુ તથા બીજા દિવસે ૧૦–૧૫ના સુમારે બંને ફરીથી આવેલા. ફેટ પકડેલી, દસ્તો મારેલો, રુ. ૨૦,૦૦૦/–ની લુટ કરેલ વગેરે હકિકત લખાવેલ નહી હોવાનુ સ્વીકારેલ છે. મુળ તકરાર મુનાભાઈ અને શાકીરની હતી. પોલીને કયા દર ની નોટો હતી તે લખાવેલુ નથી. પોતાના કપડા ફાટી

ગયેલાનુ તે પોલીસને આપેલા નથી અને બળ જબરીથી કોઈના ખિસ્સામાંથી પૈસા કાઢવા હોય તો ખેચા ખેચ થાય કપડા પડ ફાટે, મુદમાલ અમને મળેલ નથી. વગેરે હકિકત જણાવી અન્ય હકિકતોનો ઈન્કાર કરેલો છે.

( ૧૧ ) આંક–૭૩ થી ઈજા પામનાર સાહેદ શનાભાઈ ચતુરભાઈ જાવદ ને તપાસેલા છે તેઓ બનાવ વખતે માર્કેટ યાર્ડમાં ધંધો કરતા હાતા અને તે વખતે તેમના ભત્રીજાની દુકાને નાપડ ના ઝાકીરભફાઈ આવેલા અને તોલ માપ બાબતે ગોપાલ સાથે બોલાચાલી કરેલી ઝાકીરભાઈ સાથે અન્ય માણસો હતા ટોળામાંથી કોઈએ તલવાર મારેલી, જમણા ઘુટણે વાગેલુ. મારા ભત્રીજા મનહરને પણ બનાવમા ઈજા થયેલી. મારા ખિસ્સામાંથી રુ. ૭,૦૦૦/– તથા ગોપાલના ખિસ્સામાંથી રુ. વીસ હજાર ટોળાના માણસોએ કાઢી લીધેલા આ લોકો લાકડી, દસ્તા લઈ આવેલા અમોને દવાખાનુ લઈ ગયેલ તેમા ઘણો સમય થયેલ હોવાથી તલવાર અને બીજા હથિયાર ઓળખી શકે નહી તેમ જણાવે છે. ઉલટ તપાસમા સ્વીકારેલ છેકે, માર્કેટમા દુકાન છે આજુ બાજુ ઘણા વેપારીઓ છે. બધા સાથે સારો સબંધ છે. બના વ વખતે ૧૫,૨૦ માણસો ભેગા થયેલા, પોલીસને આરોપીનુ વર્ણન લખાવેલ નથી. બનાવ વખતે હુ બેભાન થઈ ગયેલો પોલીસ ત્યારે ટી.આઈ. પરેડ કરાવેલ નથી કાંઈ લઈ ગયેલા નથી. તેણે માત્ર નામ સરનામુ પુછી સર્ટીફીકેટ લઈ ગયેલ. ડોકટરને કોઈ હીસ્ટ્રી લખાવેલી નથી. તેણે કાંઈ પુછેલુ નથી. મુન્નાભાઈ ગોપાલભાઈની દુકાને આવતા હતા, ઝાકીરભાઈ પણ મુનાનાભાઈ પાસે આવતા હોય ઓળખે છે. મુળ તકરાર ગોપાલ અને ઝાકીર વચ્ચે હતી તોલ માપ બાબતે સામાન્ય બોલાચાલી કરેલ છે. અન્ય હકિકતોનો ઈન્કાર કરેલો છે.

( ૧૨ ) –––સાહેદનો પુરાવો –––

આંક–૧૨૫ થી સાહેદ મનહરભાઈ છત્રસિહ જાદવને તપાસેલ છે તેઓ ખેતી કામ કરે છે. તથા આસોદરમાં શાક માર્કેટમા શાકભાજી દુકાન ચલાવતા

હોવાનુ અને ઈમ્તીયાઝ નામે માણસે આદુ લેવા બાબતે ગોપાલ જોડે બોલાચાલી કરીને બીજા દિવસે તેઓ બંને વચ્ચે તકરાર થયેલી. ત્યાર બાદ એમ.કે. રાણાનો ફોન આવેલો નાપા ગામના લોકોને બોલાવેલા અને દસ–પંદર મીનીટ પછી માર્કેટના ગેટ પાસે દસ–પંદર માણસો ટોળુ આવી તેમની પાસે રહેલ, ગુપ્તી , ખંજર, તલવાર , પાવડાના દસ્તા હતા.તે પૈકી બે વ્યકતીઓ ગોપાલભાઈની દુકાને આવીને ગોપાલ કોણ છે તેમ પુછી ગોપાલભાઈની ફેટ પકડેલી પાછળથી ધક્કો આવતા હુ પડી ગયેલો. અને બીજા લોકોએ હથીયાર સાથે આવેલા, મારા કાકા શનાભાઈ દુકાને આવતા હતા તેમને કોઈ માણસે તલવારનો ઝટકો પગમા મારેલ જેથી પડી ગયેલાઅને પાવડાના દસ્તાપણ મારેલા હુ ત્યાંથી ભાગી ગયેલો સંતાઈ ગયેલ મારુતી હોસ્પીટલ મા લઈ ગયેલા વગેરે જણાવેલ છે. ઉલટ તપાસમા જણાવેલ છેકે, નાપાડ અને નાપા ગામ જુદા જુદા છે. અને પોલીસે આરોપી ઓળખવા બોલાવેલા હથિયાર બતાવેલા, મામલતદાર ઓફીસ ઓળખ વીધી માટે ગયેલ નથી. પોલીસને આસોદર પ્રથમ વખતે હુમલા પછી તુરત મળેલા તે વખતે પુછ પરછ કરેલી નામ–ઠામ પુછેલુ બનાવવખતે કોઈ હુમલાખોરને ઓળખતો ન હતો, કોઈ વ્યકતીનુ વર્ણન કરેલનથી. દોડાદોડીમા પડીજવાથી વાગેલુ. દવાખાને પહોચ્યો ત્યારે ભાનમા હતો, વાત કરી શકતો હતો, ગુના અંગે ડોકટરને જણાવેલુ , તેમજ કોણે કયા હથિયારથી મારેલ કેવી રીતે વાગેલ તે અંગે પુછ પરછ થયેલી ડોકટરને હુમલામા લાકડી વાગેલાનુ જણાવેલુ. હુમલાખોરની સંખ્યા જણઆવેલ નહીનુ જણાવેલ છે.

( ૧૩ ) આંક –૧૨૬થી સાહેદ ફતાભાઈ છનાભાઈ જાદવને તપાસેલા છે. તેઓ સને ૨૦૦૭ માં માર્કેટમા હતા, અને ઈમ્તીયાઝ અને સુરેશભાઈ મહેતાજી સાથે મારામારી થયેલી માણસો બચાવવા ગયેલા, ઈમ્તીયાઝભાઈએ બે ત્રણ ઝાપટો મારેલી, વગેરે હકિકત જણાવેલ છે જયારે ઉલટમાં ઈમ્તીયાઝે સુરેશભાઈ મહેતાજીને મારામારી કરેલી માણસો બચાવવા આવેલા, ઝાપટો મારેલી, અને પોલીસે કયારેય મામલતદાર

ઓફીસે કે પોલીસે બોલાવેલ નથી, મને ઈજા થયેલ નથી મે સારવાર લીધેલ નથી. કેશીયર પાસે કેટલા પૈસા હોય તેની માહીતી નથી. વગેરે હકિકતો જણાવેલ છે.

( ૧૪ ) ---હોસ્ટાઈલ સાહેદનો પુરાવો ---

ઈજા પામનાર સાહેદ આંક-૭૭ સાહેદ સોમાભાઈ મોહનભાઈ સોલંકીને તપાસેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપર સર તપાસમા ખેતી કામ કરી ગુજરાન કરતા હોવાનુ શાકભાજીનો ધંધો કરતા હોવાનુ બનાવની તારીખ યાદ નહી હોવાનુ, દસ પંદર માણસોનુ ટોળુ આવી ગયેલ અને બે ત્રણ વ્યકતીઓની સાથે શાકભાજીના વેપાર માટે બોલાચાલી થયેલી, ત્યા આગળ હથીયાર સાથે આવીને મારામારી કરેલ જેથી વાગેલુ. બનાવ અંગે કોઈ જાત માહીતી નથીનુ જણાવેલ છે. ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે ફરી ગયેસ સાહેદ જાહેર કરવા માગણી કરી ઉલટ તપાસમા પુછી શકાય તેવા સવાલ પુછવા પરવાનગી માગતા તે આપવા છતાં ફરિયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી ઉલટતપાસમા બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલા , બનવ નજરે જોયેલ નથી, જાત માહીતી નથીની હકિકતો જણાવેલ છે.

( ૧૫ ) અન્ય ઈજા પામનાર સાહેદ આંક-૭૮ થી કાનજીભાઈ રામાભાઈ સોલંકીને તપાસેલા છે, તેઓ શાકભાજીનો વેપાર કરતા હોવાનુ વેચવા માટે માર્કેટમા ગયેલા, ગોપાલભાઈની દુકાન નં. ૩૮મા બેઠા હતા ત્યારે દસ પંદર માણસોનુ ટોળુ આવી ૨,૩ વ્યકતીઓ સાથે શાકભાજીના વેપાર બાબતે બોલાચાલી કરી હથીયાર સાથે મારામારી કરેલ જેથી તેઓ ત્યાથી જતા રહેલાનુ જણાવેલ છે. ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે ફરી ગયેસ સાહેદ જાહેર કરવા માગણી કરી ઉલટ તપાસમા પુછી શકાય તેવા સવાલ પુછવા પરવાનગી માગતા તે આપવા છતાં ફરિયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી ઉલટતપાસમા બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલા , બનવ નજરે જોયેલ

નથી, જાત માહીતી નથીની હકિકતો જણાવેલ છે.

( ૧૬ ) આંક–૧૨૭થી સાહેદ ભરતભાઈ બુધાભાઈ પડીયારને તપાસેલા છે. તેઓનુ પોલીસે નિવેદન લીધેલુ, માર્કેટમા ઝપાઝપી થયેલીનુ જણાવેલ છે. આંક–૧૩૩ થી સુરેશભાઈ ડાહ્યાભાઈ પઢીયાર કે જેઓ માર્કેટ યાર્ડમા ગોપાલભાઈની ગુરુકૃપા ટ્રેડીગ કં.મા મહેતાજી તરીકે નોકરી કરતા હોવાનુ હાલમા શાકભાજીનો ધંધો કરતા હોવાનુ જે તે વખતે તેઓને રુ. ૨૦૦૦મા મહેતાજી તરીકે મહેતતાણુ મળતુ હતુ. અન્ય વ્યકતીને મજુરી કામ માટે રાખવામા આવેલ હતા. બનાવ બાદ દુકાને પહોચેલા તે વખતે બનાવ પુરો થઈ ગયેલો હતો.ગોપાલભાઈઅને નાપાડ વાળા કોઈ ભાઈ વચ્ચે ઝગડો થયેલાનુ અને શનાભાઈને એક વ્યકતીએ પગના ભાગે મારેલુની હકિકતો જણાવેલ છે તે સિવાય અન્ય કોઈ હકિકતો તેઓએ જણાવેલ નથી.

( ૧૭ ) આંક–૧૩૫ થી સાહેદ યતીનભાઈ હસમુખભાઈ ગૌસ્વામીને તપાસેલા છે તેઓ આસોદર માર્કેટ યાર્ડમા મહાદેવ ટ્રેડીગ નામે દુકાન ચલાવતા હોવાનુ બાજુમા ગણશે ટ્રેડીગ કં. તથા ઈસ્માઈલ ટ્રેડીગ કં. અન્ય દુકાનો આવેલ હોવાનુ તથા જેતે વખતે દુકાને હાજર હતા અને ઝગડાનો અવાજ આવતા બહાર નીકળેલા, ગુરુકૃપા ટ્રેડીગના માલીકને કોઈની સાથે ઝગડો થયેલાનુ જાણવા મળેલુ તે સિવાય અન્ય કોઈ હકિકત તેઓએ જણાવેલ નથી. આંક–૧૩૬ થી કુબેરભાઈ બુધાભાઈ પઢીયાર જેઓ માર્કેટ યાર્ડમા વોચમેન તરીકે ફરજ બજાવતા હતા, તેઓને બનાવ બાબતે કોઈ જાત માહીતી નહી હોવાનુ જણાવેલ છે.

( ૧૮ ) આંક –૧૩૭ થી પ્રવીણભાઈ રામાભાઈ પઢીયારને તપાસેલા છે. જેઓએ બનાવ વખતે કોઈકની વચ્ચે ઝગડો થયેલોની હકિકત જણાવેલ છે તે જ રીતે આંક–૧૩૮ના સાહેદ કલ્પેશ કુમાર રસીકલાલ પંડયાને તથા આંક–૧૩૯ ના સાહેદ ભરતભાઈ રવજીભાઈ પઢીયારને, તથા આંક–૧૪૦ના સાહેદ ભાઈલાલ ભાઈ છનાભાઈ પઢીયારે ઉપરોકત હકિકતો એક સરખી જણાવેલ છે તેઓએ બનાવ બાબતે

કાંઈ જાણતા નહી હોવાનુ જણાવેલ હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા માગણી કરી ઉલટ તપાસમા પુછી શકાય તેવા સવાલ પુછવા પરવાનગી માગતા તે આપવા છતાં ફરિયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી ઉલટતપાસમાં બનાવ અંગે કાંઈ જાણતા નહી હોવાનુ વગેરે હકિકતો જણાવેલ છે.

( ૧૯ ) આંક–૧૪૨ થી સાહેદ અમરસિહ ઉર્ફે ભાઈલાલભાઈ ગોહેલને તપાસેલા છે તેઓ ૨૦૦૭ માં માર્કેટ યાર્ડમાં ગુરુકૃપા ટ્રેડીગ કં.મા અન્ય મજુરો સાથે મજુરીએ જતા હતા ત્યા મહેતાજી તરીકે સુરેશભાઈ અને નાપાડના એક ભાઈ વચ્ચે ઝગડો થયેલ તે વખતે સમાધાન કરી લીધેલ ત્યાર બાદ બીજા દિવસે તલવાર,દાંતી ડંડા વગેરે સાથે દસેક માણસો આવેલા અને ગોપાલભાઈના કાકા શનાભાઈને મારી પગ ભાગી નાંખેલો. ગોપાલભાઈના ભાઈ મનહરભાઈને તલવાર મારવા જતા વચ્ચે સ્વામીએ તેઓને બચાવી લીધેલાની હકિકત જણાવેલ છે. આંક–૧૪૩ થી સાહેદ ભવાનસીહ દિપસીહ પરમારને તપાસેલા છે બનાવના બીજા દિવસે માર્કેટમા જતાં, બનાવ અંગે જાણવા મળેલાનુ જણાવેલ છે. તથા આંક–૧૪૬ થી સાહેદ પ્રતાપસિહ રામસિહ સોલંકીને તપાસેલા છે તેઓ સરદાર પચેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીમા ચેરમેન તરીકે હતા,ત્યા ઘણી દુકાનો આવેલી છે. અને નવાખલ વાળા વેપારીને નાપાડ વાંટાના ટીકા ભાઈ સાથે ઝગડો થયેલ તે વખતે તેઓ હાજર નહી હોવાનુ અને નવાખલ વાળાને વાગેલ હોવાનુ દવાખાને લઈ ગયેલા હોવાનુ જણાવેલ છે. આંક–૧૪૫ થી સાહેદ જયંતીભાઈ શાહભાઈ પરમારને તપાસેલા છે તેઓ માર્કેટ યાર્ડમા વોચમેન તરીકે નોકરી કરતા હોવાનુ અને બનાવ વખતે આંકલાવ ગયેલા અને પાછળ થી બનાવ અંગે જાણવા મળેલાની હકિકત જણાવેલ છે.

( ૨૦ ) આંક–૧૫૩ થી સાહેદ પીયુષભાઈ મોહનભાઈ પઢીયારને તપાસેલા છે. જેઓએ આસોદરમા હરીઓમ ટ્રેડીગ નામે દુકાન ચલાવતા હોવાનુ અને ગોપાલભાઈ નવાખલ ગામના ગુરુકૃપા ટ્રેડીગ નામે દુકાન ચલાવે છે. તેની

બાજુમા એમ. કે.રાણાની દુકાન છે. દસ વર્ષ પહેલા દસેક વાગ્યાના સુમારે યાર્ડમા ટોળુ ભેગુ થયેલુ અને તેમાગોપાલભાઈના કાકાને ઈજા થયેલની હકિકત જણાવેલછે. આંક-૧૫૫ થી સાહેદ પ્રવીણભાઈ બુધાભાઈ જાદવને તપાસેલા છે તેઓએ પોલીસે નામ ઠામ પુછેલ જણાવેલછે. તેજ રીતે આંક-૧૫૬ થી સાહેદ સામંતસિહ ગેમાભાઈ પરમારને તપાસેલા છે તેઓએ પણ પોલીસે માત્ર નામ ઠામ પુછેલાનુ જણાવેલ છે. તે રીતે ઉપરોકત દરેક સાહેદો ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા માગણી કરી ઉલટ તપાસમા પુછી શકાય તેવા સવાલ પુછવા પરવાનગી માગતા તે આપવા છતાં ફરિયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી ઉલટતપાસમાં બનાવ અંગે કાંઈ જાણતા નહી હોવાનુ વગેરે હકિકતો જણાવેલ છે.

---- **મેડીકલ પુરાવો** ---

( ૨૧ ) આ કામે આંક-૩૧ થી ડોકટર શ્રી જી. એમ. ગઢવીને તપાસેલા છે તેઓએ પોતાની જુબાનીમા જણાવેલ છેકે, તા.૨૯-૫-૨૦૦૭ ના ફરજ ઉપર હતા ત્યારે દર્દી શનાભાઈ ચતુરભાઈ જાદવ સારવાર માટે આવતાં, તેઓને જમણા પગે ફેકચર હતુ, જાંગનો નળો ફાટી ગયેલ હતો, ઢાંકણીનુ ફેકચર હતુ. તેઓને લાઠી, હોકી, ખંજર જેવા હથીયારથી હુમલો થયેલાનુ હીસ્ટ્રીમા જાહેર કરેલુ, તેમજ અન્ય ઈજા પામનાર મનહરભાઈને તપાસેલા તેઓને જમણા થાપામાં ઉઝરડો ખભાના તથા કમર, પીઠ ભાગે ચકામુ હતુ, જે અંગે આંક-૩૩ થી સર્ટીફીકેટ આપેલુ. તેમજ ઉલટ તપાસમાં જણાવેલ છેકે, મેડીકોલીગલ કેસ હતો તેમા સંપુર્ણ હીસ્ટ્રી લખવી જોઈએ પોલીસને જાણ કરવી જોઈએ. અને મામલતદારને ડી.ડી.લેવા જાણ કરેલ નથી. તેમજ ઈજા પામનારને ઈજા તલવાર, ખંજર થી થઈ શકે કે કેમ તેવુ તેમજ તેનો ઉપયોગ થયેલ હોય તેવુ ઈજાના સર્ટીફીકેટમાં જણાવેલ નથી.તેમજ એકસરે ઉપરથી ઈજાની ઉમર જાણી શકાય આંક-૩૨ ના સર્ટીમાં ઈજા નં-૧ ની ધાર કેવી સ્થિતિમા હતી તે

જણાવેલ નથી. લાકડીથી તે થઈ શકે. કલર દર્શાવેલ નથી. હુમલાખોરની સંખ્યા દર્શાવેલ નથી. પિઠનો દુખાવો કાલ્પનીક હોઈ શકે. વગેરે હકિકતો જણાવેલ છે.

( ૨૨ ) આંક–૪૦થી ડોકટર લતાબેન ડી. મેવાડાને તપાસેલા છે. તેઓ સી.એચ.સી. આંકલાવમા ફરજ ઉપર હતા તે વખતે પોલીસ યાદી સાથે ગોપાલભાઈ છત્રસીહ તથા મનહરભાઈ છત્રસિહ સારવાર માટે આવતાં તેઓને બોર્થડ પદાર્થથી ઈજા થયેલનુ જણાવેલુ. તેમજ અન્ય દર્દી કાનજીભાઈસોલંકી તથા સોમાભાઈ સોલંકીને મારામારીમા ઈજા થયેલ હોય તેની યાદી આંક–૪૭,૪૨ થી રજુ હોવાનુ જણાવેલ છે. તથા દર્દી ગોપાલભાઈ એ પોતાની હીસ્ટ્રીમાં અમુક લોકોએ લાતો અને મુઠા છાતી ઉપર મારેલા જાંઘ ઉપર હુમલો કરેલો, દેખીતા ઈજાના નીશાન ન હતા, સાદી ઈજા હતી બોર્થડ પદાર્થથી થઈ શકે તેવી હતી તથા દર્દી કાનજીભાઈએ હીસ્ટ્રીમા અમુક લોકોએ લાકડી મારેલનુ જણાવેલ તેમને જમણાઢીચણે દેખીતી ઈજા ન હતી. ચાલવામા તકલીફ હતી જે બોર્થડ પદાર્થથી થઈ શકે તેવી ઈજા હતી તેમજ દર્દી સોમાભાઈએ પણ લાકડીથીઈજા અમુક લોકોએ કરેલ જણાવેલ તેને ડાબી જાંગ ઉપર આડુ કંન્ટીયુઝન હતુ બાહ્ય ઈજા ન હતી, સાદી ઈજા હતી, બોર્થડ પદાર્થથી થાય તેમ હતી તેમ જણાવી આંક–૪૧, ૪૨ ,૪૩ ,૪૪, ૪૫ ના સર્ટી આપેલાનુ જણાવે છે ઉલટ તપાસમા સ્વીકારેલ છેકે, તેમની પાસે આવેલ પોલીસ યાદી તથા ઈજા પામનારાઓએ હુમલો કરેલના નામો જણાવેલા નથી. આંક–૪૩ ,૪૪ ના સર્ટીની ઈજા કાલ્પનીક હોઈ શકે. મસ્કુયલર ભાગ ઉપર લાકડી થી હુમલો થતા રેલ્વે પાટા જેવી ઈજા દેખાય. લાકડી સીવાય અન્ય રીતે પણ આંક–૪૫ની ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

**––––મામલતદારની જુબાની –––**

( ૨૩ ) આંક–૧૧૬થી ડી.ડી.લેનાર નાયબ મામલતદાર અશોકભાઈ એમ. પરમારને તપાસેલા છે. તેઓએ પોતાની સર તપાસમા જણાવેલ છેકે, તા. ૨૯–૫–૦૭ નારોજ ના. મામ. તરીકે બોરસદ ફરજ બજાવતા હોય અને મારુતી

હોસ્પીટલમા દાખલ થયેલ શનાભાઈ ચતુરભાઈ જાદવનુ ડી.ડી. લેવા આંક–૧૧૭ની યાદી મળતાં તેઓ દવાખાને ગયેલા અને ઈજા પામનારનો કહેવા પ્રમાણે કેટલાક ઈસમોએ ખંજર વડે હુમલો કરેલો બંને પગે હાથે ઈજા કરેલ તેના કારણ અંગે કેટલાક ઈસમોએ હુમલો કરેલ હોવાથી આવુ બનેલનુ જણાવી આંક–૧૧૮થી ડી.ડી.ની નકલરજુ કરેલછે. જયારે ઉલટ તપાસમા સ્વીકારેલ છેકે, ડી.ડી. લેતી વખતે મારુતી હોસ્પીટલના કોઈ હાજર કર્મચારીનુ નામ કે સહી લીધેલ નથી. અને ડી.ડી. આપનારે હુમલાખોરના નામ સંખ્યા વર્ણન લખાવેલ નથી. તેમજ ડી.ડી. આપનાર સભાન હતા કે કેમ તેવુ ડોકટરનુ લખાણ સર્ટીફીકેટ શેરો લીધેલ નથી. તે વખતે મનહર ભાઈ હાજર હોવાનુ ડી.ડી.મા લખેલ છે. તેમની કોઈ સહી લીધેલ નથી. વગેરે હકિકતો જણાવે છે.

( ૨૪) ----**પંચોની જુબાની** ----

આંક–૩૫ થી ગુનાવાળી જગ્યાના પંચ ફતાભાઈ એન. સોલંકીને તપાસેલા છે તેઓએ આંક–૩૬ના પંચનામામા સહી કરેલ તે સીવાય કાંઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે. આંક–૩૭થી અન્ય પંચ ભગવાનસિહ રાયસીગ બાવાને તપાસાલે છે તેઓએ પણ આંકલાવ પો.સ્ટે. મા તૈયાર પંચનામામા સહી કરેલનુ જણાવેલ છે. આંક–૪૬થી આરોપીની શરીર સ્થિતિના પંચ ભૂપેન્દ્રભાઈ પઢીયારને તપાસેલ છે તેઓને પંચનામા બાબતે ખબર નહોવાનુ અને આંક–૪૭, ૪૮ના પંચનામામાં માત્ર સહી કરેલ હોવાનુ જણાવેલ છે. આંક–૪૯થી ડીસ્કવરી પંચાનામાના પંચ પીન્કેશ કુમાર વી.પટેલને તપાસેલા છે. તેઓએ આંક–૫૦, ૫૧ ના પંચનામામામા માત્ર સહી હોવાનુ જણાવેલ છે તે સિવાય અન્ય હકિકતો નો ઈન્કાર કરેલ છે. આંક–૫૨ થી ઉપરોકત આંક–૫૦,૫૧ ના પંચનામાના પંચ ભરતભાઈ આર. પઢીયારને તપાસેલા છે તેઓએ પણ તૈયાર પંચનામામા સહી કરેલ નુ જણાવેલ છે તે સિવાય કોઈ હકિકતોને સમર્થન આપેલ નથી. આંક–૫૬થી આરોપીએ રજુ કરેલ મો.સાયકલ રીકવરી પંચનામાના પંચ ભરતસિહ કુલસીર પઢીયારને તપાસેલ છે તેઓએ આંક–

પ૭ના પંચનામામા સહી કરેલનુ જણાવેલ છે. આંક–પ૮થી પંચ યુસુફભાઈ અભેસીહ રાજને તપાસેલા છે તેઓને આંકલાવ પોલીસે બોલાવી આંક–પ૯ના તૈયાર પંચનામામા સહી કરાવેલ તે સિવાય કાંઈ જાણતા નહી હોવાનુ જણાવેલ છે. આંક–૬૧થી પંચ રમણભાઈ મથુરભાઈ ચાવડાને તપાસેલ છે તેઓ ચાની લારીએ ઉભા હતા ત્યારે આંક–પ૯ ના પંચનામામા પોલીસે સહી લીધેલ કોઈ વ્યકતીએ મુદામાલ રજુ કરેલ નથી. આંક–૬ર ના પંચનામામા સહી હોવાનુ જણાવેલ છે. આંક–૬૩ થી અન્ય મુદામાલ મો.સાયકલ , આંક–પ૭ના રીકવરી પંચ જયંતીભાઈ કાભાઈ ભાઈ પરમારને તપાસેલા છે. તેઓને શેનુ પંચનામુ હતુ તેની ખબર નહી હોવાનુ માત્ર સહી કરેલનુ જણાવેલ છે. આંક–૬પ થી ઓળખ પરેડ પંચનામુ ના પંચ આશાભાઈ હરમાનભાઈ પટેલને તપાસેલા છે તેઓએ પોલીસે સહી કરવાનુ કહેતા પંચનામામા સહી કરેલ જે આંક–૬૬થી રજુ હોવાનુ તેમની રુબરુ કોઈ વ્યકતીની ઓળખ પરેડ થયેલ નહી હોવાનુ જણાવેલ છે તે જ રીતે અન્ય ઓળખ પરેડ આંક–૬૬ના પંચ ચંન્દ્રકાંત ઈશ્વરભાઈ પટેલ નાએ પણ પોતાની આંક–૬૭નીજુબાનીમા ઉપરોકત હકિકતો જણાવેલ છે. આંક– ૧ર૦ થી આંક –૧ર૧ ના પંચ મનુભાઈ મેલાભાઈ પઢીયારને તપાસેલ છે તેઓએ પણ તૈયાર પંચનામામા સહી કરેલ તે સીવાય જાણતા નહી હોવાનુ જણાવેલ છે.

( ૨પ ) ઉપરોકત દરેક જુદા જુદા પંચનામાના પંચો ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલ જાહેર કરવાની અરજ કરતા સપંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે ત્યાર બાદ ફરીયાદપક્ષે પુછી શકાય તેવા સવાલો પુછવા પરવાનગી માંગતા આપતાં કરવામા આવેલ ઉલટ તપાસમાં તમાન પંચ સાહેદો તરફથી ફરીયાદપક્ષે મદદરુપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

( ૨૬ ) --- પોલીસ સાહેદોની જુબાની ---

આંક -૮૧ થી પી.એસ.ઓ. ડાહ્યાભાઈ ખીમાભાઈ વણકરને તપાસેલા છે તેઓએ બનાવના દિવસે પી.એસ.ઓ.ના ચાર્જમા હોય ફરીયાદી ગોપાલભાઈની ફરીયાદ પોસઈ. આંકલાવથી લીધેલ હોય તે ફરીયાદ દાખલ થવા આવતા દાખલકરી આગળની તપાસ એચ.એલ. રાઠોડને સોપેલ હતી. આંક-૮૨, ૮૩ થી પોલીસ યાદી ટેલીફોન વર્દી રજુ કરેલ છે. ઉલટ તપાસમા ગુનો દાખલકરેલ તે સીવાય કોઈ કામગારી કરેલ નહી હોવાનુ જણાવેલ છે.

( ૨૭ ) આંક-૯૧ થી ત.ક.અ. એચ.એલ. રાઠોડને તપાસેલા છે તેઓએ ફરીયાદી ગોપાલભાઈની ફરીયાદ રાયટર પાસે ફરીયાદીના લખાવેલ મુજબ લખાવેલ હતી. ગુનાવાળી જગ્યાનુ, મુદામાલ રીકવરીના , આરોપીની શરિર સ્થિતિ, હથીયાર રીકવરીનુ વગેરે પંચનામા કરેલા. તથા સાહેદોના નિવેદન લીધેલાનુ જણાવી આંક-૧૬૨ થી આંક -૧૬૯ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. જયારે ઉલટ તપાસમાં સ્વીકારેલ છેકે, ઈજા પામનારાઓએ હુમલો કરનારના આખા નામ, કદ બાંધો જણાવેલ નહી. અને મેડીકલ હીસ્ટ્રીમા પણ તે જણાવેલ નથી. બનાવ માર્કેટ યાર્ડમા સવારે ૧૦-૩૦ના સુમારે બનેલો ત્યારે ઘણા લોકોની અવર જવર હોય છે. કયા દરની કેટલી નોટો હતી તે તપાસમા ખુલેલ નથી.તથા ફરીયાદમા ત્રણ તહોમતદારના માત્ર ટુકા નામ જણાવેલ છે. વ્યકતીઓની સંખ્યા પણ જણાવેલ નથી. પાછળના કોઈ તહોમતદારના ટી.આઈ. પરેડ કરાવેલ નથી.બનાવ વાળી જગ્યાએ નજરે જોનાર સાહેદો મળી શકે તેવી હતી, લુટની રકમની કોઈ રીકવરી થયેલ નથી. તેમજ ફરીયાદી આરોપી વચ્ચે અગાઉ પણ ઝગડો થયેલો ફરીયાદમા લખેલ છેકે તોલ માપ સબંધે ઝગડો થયેલ તેની અદાવત થી બીજા દીવસે આરોપી માર્કેટ આવેલા લુટના ઈરાદે આવેલાનુ કહી શકાય નહી. ફરીયાદીએ તેની રકમની લુટનો કોઈ પુરાવો આપેલો નથી. તેમજ બનાવના આગલા દિવસે કાવત્રુ ઘડી તેને અંજામ આપેલ હોય તથા સુરેશભાઈ અને

ગોપાલભાઈના કોઈ ફાટેલા કપડા કબજે કરેલ હોય તેવો કોઈ પુરાવો તપાસ દરમ્યાન મળેલ નથી. તેમજ આરોપી મુન્ના અને સાકીર નામે વ્યકતીની ટી.આઈ.પરેડ કરાવેલ નથી. એન. કે.રાણા નામે કેટલા વ્યકતી નાપાડમા છે તેની તપાસ કરેલનથીનુ જણાવેલ છે.

( ૨૮ ) આમ ઉપરોકત રેકોર્ડ ઉપરનો પુરાવો ધ્યાને વંચાણે લેતા આંક–૧૪ થી તપાસેલ સાહેદ ફરીયાદીએ તા.૨૮–૫–૧૭ના રોજ દુકાને હતા તે વખતે મનહરભાઈ શનાભાઈ અને ફતેસિહ હતા અને સાકીર તથામુન્નો આવેલા ફતેસિહ સાથે બોલાચાલી કરીને મારી ફેટ પકડેલ રુ. ૨૦,૦૦૦/– તથા રુ. ૭,૦૦૦/–ની લુટ કરેલ નુ જણાવે છે પરંતુ તેઓની ઉલટ તપાસમા કોણ વેપારીએ બનાવ નજરે જોયેલ તે જણાવેલ નથી. અને પોલીસને કોણ દસ માણસો હતા તે જણાવેલનથી. એટલુ જ નહી આરોપીઓએ કાલે જોઈ લઈશુ તેવી ધમકી આપેલી ફેટ પકડેલી, મારેલુ રુ. વીસ હજાર મુના અને સાકીરે કાઢી લીધેલાની હકિકત પોલીસને લખાવેલ નહીનુ સ્વીકારેલ છે.જે કોઈ તકરાર હતી તે મુન્ના અને સાકીર વચ્ચે હતી. કયા દરની કેટલી નોટોની લુટ થયેલી તે જણાવેલ નથી. પોતાના કપડા ફાટી ગયેલ નહી હોવાનુ જણાવેલ છે.અને અન્ય ઈજા પામનાર છનાભાઈ કે જેઓ આંક–૭૩થી તપાસેલા છે તેઓએ બનાવ વખતે વાગવાથી બેભાન થઈ ગયેલા અને પોલીસે માત્ર નામ સરનામુ પુછેલુ ડોકટરને કાંઈ લખાવેલ નથી. વગેરે હકિકતો જણાવેલ છે. આંક–૧૨૫ થી અન્ય ઈજા પામનાર મનહરભાઈને તપાસેલા છે. જેઓએ બનાવમાં માર મારેલ વગેરે હકિકતો જણાવેલ છે પરંતુ તેઓએ ઉલટ તપાસમા પોલીસે માત્ર નામ–સરનામુ પુછેલ કોઈ હુમલોખોરોને ઓળખતા નહી હોવાનુતથા વર્ણન પોલીસને કરેલ નહી. પડી જવાથી વાગેલુ, દવાખાને ભાનમા હતા. કોણે કયા હથીયારથી મારેલુ તથા કેવી રીતે વાગેલુ તે અંગે પુછ પરછ કરતા લાઠી વાગેલી પરંતુ હુમલાખોરના નામ ડોકટરને લખાવેલ નહીની તથા મામલતદાર કચેરીમા ઓળખવીધી માટે ગયેલ નહી હોવાની હકિકતો જણાવેલ

છે.અન્ય મહત્વના સાહેદ ફતાભાઈને આંક–૨૬થી તપાસેલા છે. અને તેઓએ પોલીસને ઈમ્તીયાઝને સુરેશ મહેતાજી સાથે મારામારી થયેલ ઝાપટો મારેલી, વગેરે હકિકતો કીધેલ નથી કોઈ ઓળખપરેડમા ગયેલા નથી તેને ઈજા થયેલ નથી. કેશીયર પાસે કેટલા પૈસા હોય તેની ખબર ન હોય, પોલીસને ઈમ્તીયાઝ નુ નામ આપેલુ નથી. તેવુ જણાવેલ છે. અન્ય મહત્વના સાહેદ આંક–૧૩૩ થી સુરેશભાઈ ડાહ્યાભાઈ પઢીયાર કે જેઓને બનાવ અંગે પ્રથમ બોલાચાલી થયેલી છે,વાગેલુ છે તેઓ બનાવ અંગે કશુ જણાવતાનથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે તથા પોલીસને કોઈ હકિકત જણાવેલનહી હોવાનુ જણાવેલ છે. આમ ઉપરોકત ફરીયાદપક્ષના મહત્વના ફરીયાદી સાહેદો કે જે બનાવ સમયે હાજર હતા, ઈજા પામનાર રહેલા છે તેઓ બનાવનીહકિકતોને સમર્થન આપતા નથી અને ઉલટ તપાસમા પોલીસે નામ–સરનામુ માત્ર પુછેલુ તે સિવાય કાંઈ જાણતા નહી હોવાનુજેવી હકિકતો જણાવેલ છે. આ ઉપરાંત તપાસેલા અન્ય બીજા સાહેદો પણ હોસ્ટાઈલ જાહેર થયેલા છે તેઓએ પણ પોલીસને કાંઈ લખાવેલ નહી હોવાનુ જણાવેલ છે. અને એક બીજા સાહેદોએ પોતાની જુબાનીમા પોલીસ નિવેદન તથા જુબાનીઓમા વિરોધાભાસી હકિકતો ઉલટ તપાસ સહીતમા જણાવેલ છે. તપાસેલા ગુનાવાળી જગ્યાના,મુદામાલરીકવરીના, ઓળખ વીધીના , હથીયાર રીકરવરીના દરેક પંચો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તે સિવાય મેડીકલ પુરાવાઓ અંગે જોતાં ડોકટરશ્રીએ ઈજા અંગે ની હકિકતો જણાવેલછે પરંતુ ઈજા પામનાર પોતે બેભાન હોવાનુ તથા કોણે શુ મારેલ તેની ખબર નહી હોવાનુ અને અન્ય આરોપીઓના કદ કાઠી અંગે પણ વર્ણવેલ નહી હોવાનુ જણાવેલ હોય સાથે સાથે ઓળખવીધીમા તેઓ ગયેલા નથી નુ જણાવતા હોવાથી ટી.આઈ.પ રેડની હકિકતોને પણ પંચો કે ઉપરોકત સાહેદોની સમર્થન મળતુ નથી.તે સિવાય તપાસેલા પોલીસ સાહેદો છે. તેઓએ પણ હાલના બનાવ અગાઉ આરોપીઓએ કાવત્રુ રચેલુ હોય તે માટે કોઈ જગ્યાએ ભેગા થયેલ હોય તેવો પુરાવો રેકોર્ડ ઉપર આવેલ નહી હોવાનુ

સ્વીકારેલ છે. માત્ર પોલીસ સાહેદની જુબાનીઉપરથી આરોપીઓને સજા કરી શકાય તેટલા પુરતો પુરાવો રેકોર્ડ ઉપર ઉપ્લબધ્ધ ન હોય કેસની હકિકત સંજોગો બંને પક્ષકારોની દલીલો વગેરે ધ્યાને વંચાણે લેતાં મદા નં-૧ નો નિર્ણય નકારમા ઠરાવીને નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

( ૨૯ ) ---- **હુકમ** ----

આ કામના આરોપીઓ ૧. ઈમ્તીયાઝ ઉર્ફે ટીકો બચુભાઈ રાઠોડ ૨. ઈઝમુદ્રીન પ્રવીણસિહ રાઠેડ ૩. સાકીર ઉર્ફે ઝાકીર ઈબ્રાહીમભાઈ રાઠોડ ૪. મુનાવરઉર્ફેમુન્નાભાઈ ( મરણજવાથી એબેટ કરેલ છે.)૫.રસીદખાન જશુભા રાઠોડ ૬. રણજીતસિહ ગગુભા રાઠોડ ૭ જીતસિહ ફતેસિહ રાઠોડ ૮ ઈસ્માઈલ ઉર્ફે રાજુ ઈબ્રાહીમ રાઠોડ ૯. મહંમદખાન કે. રાઠોડ ૧૦ મજીદખાન ઉદેસિહ રાઠોડ ૧૧ દીલીપભાઈ ઉર્ફે દીલુભા જે.રાઠોડ ૧૨.રાજુભાઈ નુરમહંમદ રાઠોડ ( મરણજવાથી એબેટ કરેલ છે.) આરોપી નં-૧ થી૩ તથા ૫ થી ૧૧ તમામ ઉમર વર્ષ-પુખ્ત તથા રહેવાસી- નાપા- વાંટા, તા.જિ.આણંદ ને ક્રીમી.પ્રોસી.કોડની કલમ -૨૩૫(૧)મુજબ ઈ.પી.કો. કલમ-૩૯૫, ૩૯૭ સાથે વાંચતા કલમ-૧૨૦(બી) મુજબ ના ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપીઓના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિમિનલ પ્રોસીજર કોડની નવી સુધારેલી કલમ- ૪૩૭ (એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ દરેક આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર) નો જાત જામીન તથા તેટલી જ રકમના જામીન આપવાના રહેશે.

૪. આ કામે મુદામાલ પાવતી મુજબનો મુદામાલ તમામ પાવડાના દસ્તાઓ , ખંજર જેવુ મોટુ ચપ્પુ, તલવાર-૨, વાંસની લાકડી, વગેરે હથીયાર મુદામાલનો અપીલ સમય પુરો થયેથી અપીલ નહી થયેલ હોવાની ખાત્રી કરીને નાશ

કરવાનો હુકમ કરવામા આવેલ છે.

વધુમા આ કામે વાહન મુદામાલ ઓટોરિક્ષા–૨ તથા મોટર સાયકલ બજાજ સીટી –૧ અનુક્રમે તા. ૩૦–૮–૨૦૦૭ તથા તા.૨૬–૬–૨૦૦૭ તથા ૧૮–૮–૨૦૦૭ ના હુકમ થી વાહન માલીકને પરત સોપવા હુકમ કરેલ છે તેવો હુકમ બીન શરતી કાયમ કરવામા આવે છે.

સદર હુકમ આજ તારીખ –૧૧–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા. –૧૧–૨૦૨૨

સ્થળ–આણંદ

**( કે. કે. શુકલ )**

પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,આણંદ.

**( જી.જે. ૦૦૫૪૭ )**